RNI No.: GUJGUJ/2014/59295

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 87 * Date: 16.01.2025,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-



## તંત્રી લેખ...

# ડિસેમ્બર, ૨૦૨૪માં રીટેલ ફુગાવો ઘટીને ૫.૨૨ ટકા : ચાર મહિનાના તળિયે

શાકભાજી અને અન્ય ખાદ્ય ઉત્પાદનોના ભાવ ઘટવાને કારણે ડિસેમ્બરમાં રીટેલ ફુગાવો ઘટીને ૫.૨૨ ટકા થયો છે જે છેલ્લા ચાર મહિનાની નીચલી સપાટી છે તેમ આજે જારી સરકારી આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે. રીટેલ ફુગાવામાં ઘટાડો થવાને કારણે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) પોતાની નાણાકીય નીતિની સમીક્ષામાં પ્રમુખ વ્યાજ દરોમાં ઘટાડો કરી શકે છે. છેલ્લા બે વર્ષથી રેપો રેટ ૬.૫૦ ટકા પર સ્થિર છે. નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (એનએસઓ)એ કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (સીપીઆઇ) પર આધારિત ડિસેમ્બર, ૨૦૨૪ના રીટેલ ફુગાવાના આંકડા જાહેર કર્યા હતાં. રીટેલ ફુગાવામાં સતત બીજા મહિને ઘટાડો જોવા મળ્યો છે. આ અગાઉ નવેમ્બર, ૨૦૨૪માં રીટેલ ફુગાવો ૫.૪૮ ટકા હતો. નવેમ્બર, ૨૦૨૩માં રીટેલ ફુગાવો ૫.૬૯ ટકા હતો.ઉલ્લેખનીય છે કે ઓક્ટોબર, ૨૦૨૪માં રીટેલ ફુગાવો ૬.૨૧ હતો. જે આરબીઆઇના લક્ષ્યાંક કરતા વધારે હતો.

# ક્રેડિટ કાર્ડ પર વધુ પડતો ખર્ચ તમારો ક્રેડિટ સ્કોર બગાડશે:લિમીટના ૩૦%થી વધુ ખર્ચ કરવાનું ટાળો, એક સાથે અનેક લોન માટે અરજી કરશો નહીં




દેશમાં ક્રેડિટ કાર્ડનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. ઘણી વખત લોકો ક્રેડિટ કાર્ડ વડે બિલ ચૂકવે છે એ આશામાં કે તેનાથી તેમનો ક્રેડિટ સ્કોર વધશે. જો કે, કેટલાક લોકો હાથે નિરાશા લાગે છે કે સતત ખર્ચ કરવા છતાં તેમનો ક્રેડિટ સ્કોર સ્થિર રહે છે અથવા સતત ઘટતો થતો રહે છે.સમયસર બિલની ચૂકવણી કરવા છતાં ગ્રાહકનો ક્રેડિટ સ્કોર કેમ સુધરતો નથી તેના કેટલાક મુખ્ય કારણો અહીં આપ્યા છે. ક્રેડિટ સ્કોર ૩૦૦ થી ૯૦૦ સુધીની હોય છે. ૬૫૦થી નીચેના સ્કોરને ખરાબ ગણવામાં આવે છે.

લિમીટના ૩૦%થી વધુ ખર્ચ કરવાનું ટાળો ક્રેડિટ કાર્ડનો વધુ પડતો ઉપયોગ સ્થિર અથવા ઘટી રહેલા ક્રેડિટ સ્કોરનું કારણ હોઈ શકે છે. આદર્શ સ્થિતિ એ છે કે કાર્ડની મર્યાદાના ૧૦-૧૫%નો ઉપયોગ કરવો. ૩૦%થી વધુ ખર્ચ કરવાથી સ્કોર સ્થિર થઈ શકે છે અથવા ખરાબ થઈ શકે છે. એટલે કે, જો તમારી ક્રેડિટ કાર્ડ લિમિટ ૧.૫ લાખ રૂપિયા છે, તો તમારે દર મહિને ૪૫ હજાર રૂપિયાથી વધુ ખર્ચ ન કરવો જોઈએ.ક્રેડિટ રિપોર્ટ નિયમિત તપાસો ક્રેડિટ રિપોર્ટ્સ ૧૦૦% સચોટ નથી હોતો. આ ભૂલો તમારા નાણાકીય વ્યવહારને ખોટી રીતે રજૂ કરી શકે છે. આવી સ્થિતિમાં, ક્રેડિટ કાર્ડ રિપોર્ટ નિયમિતપણે તપાસો અને કોઈપણ ભૂલો હોય તો સુધારી લો.તમારા દેવામાં સિક્યોર્ડ અને અનસિક્યોર્ડ બંને રીતે લોન રાખો એક સંતુલિત ક્રેડિટ પ્રોફાઈલમાં સિક્યોર્ડ અને અનસિક્યોર્ડ બંને પ્રકારની લોન હોવી જોઈએ. પર્સનલ લોન અથવા ક્રેડિટ કાર્ડ જેવા એક પ્રકારના દેવા પર નિર્ભરતા ક્રેડિટ સ્કોરને અવરોધે છે. આવી સ્થિતિમાં ગોલ્ડ લોન જેવી સિક્યોર્ડ લોનને લોનમાં સામેલ કરવી જોઈએ.એક સાથે અનેક લોન માટે અરજી કરશો નહીં ટૂંકા ગાળામાં એનેક ક્રેડિટ કાર્ડ અથવા લોન માટે અરજી કરશો નહીં. આ ક્રેડિટ રિપોર્ટ્સ પર પૂછપરછમાં વધારો કરે છે.

# ૧૭ રાજ્યોમાં ગાઢ ધુમ્મસ, દિલ્હીમાં ૨૬ ટ્રેનો મોડી પડી



જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, લદ્દાખ અને ઉત્તરાખંડમાં હિમવર્ષાના કારણે ઉત્તર ભારત અને મધ્ય ભારતના રાજ્યોમાં શિયાળાની અસર વધી રહી છે. આ ઉપરાંત દેશના ૧૭ રાજ્યોમાં ગાઢ ધુમ્મસ પણ જોવા મળી રહ્યું છે.દિલ્હીમાં ઝીરો વિઝિબિલિટીના કારણે બુધવારે સવારે ૨૬ ટ્રેનો મોડી પડી હતી. તેમજ, ઘણી ફ્લાઈટ્સ પણ તેમના નિર્ધારિત સમય પર ઉપડી શકી ન હતી. મંગળવારે પણ અહીં ૩૯ ટ્રેનો મોડી પડી હતી.ઉત્તર પ્રદેશના ૪૫ જિલ્લામાં પણ ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું. અયોધ્યામાં વિઝિબિલિટી ઘટીને ૫૦ મીટર થઈ ગઈ છે. હવામાન વિભાગે કહ્યું કે આજે યુપી અને રાજસ્થાનના કેટલાક જિલ્લાઓમાં કરા પડી શકે છે.બીજી તરફ હિમાચલમાં હિમવર્ષાને કારણે ૩ શહેરોમાં તાપમાન માઈનસ પર પહોંચી ગયું છે. કલ્પામાં માઈનસ ૧ ડિગ્રી, કેલોંગમાં માઈનસ ૧૦.૩ ડિગ્રી અને કુકુમાસેરીમાં માઈનસ ૧૦.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.હવામાન વિભાગે જણાવ્યું હતું કે હિમાચલ પ્રદેશમાં ૧ થી ૧૧ જાન્યુઆરીની વચ્ચે સામાન્ય કરતાં ૯૧% ઓછો વરસાદ થયો છે, કારણ કે રાજ્યમાં ૨૦.૬ મીમીની સામે માત્ર ૨મીમી વરસાદ પડ્યો છે. આ ઉપરાંત ૨૦૨૪માં જમ્મુ-કાશ્મીર છેલ્લા પાંચ દાયકામાં સૌથી સૂકું રહ્યું. ગયા વર્ષે ૮૭૦.૯ મીમી વરસાદ પડ્યો હતો જે સામાન્ય કરતા ૨૯% ઓછો છે.જમ્મુ અને કાશ્મીરમાં વર્ષ ૨૦૨૩માં ૧૧૪૬.૬ મીમી (સામાન્ય કરતા ૭% ઓછો) વરસાદ, ૨૦૨૨માં ૧૦૪૦.૪ મીમી (સામાન્ય કરતા ૧૬% ઓછો), ૨૦૨૧માં ૮૯૨.૫ મીમી (સામાન્ય કરતા ૨૮% ઓછો), ૨૦૨૦માં ૯૮૨.૨ મીમી (સામાન્ય કરતા ૨૦% ઓછો) વરસાદ પડ્યો. ૨૦૨૪ના આંકડા ૧૯૭૪ના રેકોર્ડ નીચા ૮૦૨.૫ મીમીની નજીક છે. મહાકુંભમાં હવામાનની અપડેટ માટે વેબપેજ લોન્ચ કરવામાં આવ્યું છે હવામાન વિભાગે વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળાવડા મહાકુંભ દરમિયાન હવામાનની અપડેટ માટે વેબપેજ લોન્ચ કર્યું છે. તે પ્રયાગરાજ, અયોધ્યા, લખનૌ, આગ્રા, કાનપુર અને વારાણસી સહિતના પડોશી શહેરો માટે કલાકદીઠ, ત્રણ-કલાક અને સાપ્તાહિક આગાહી જણાવે છે.

# સોનિયા ગાંધીએ કોંગ્રેસના નવા હેડક્વાર્ટરનું ઉદ્ઘાટન કર્યું



કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીએ આજે ??દિલ્હીમાં કોંગ્રેસના નવા કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી સહિત લગભગ ૪૦૦ નેતાઓ હાજર રહ્યા હતા.નવા હેડક્વાર્ટરનું નામ ઈંદિરા ભવન છે. અત્યાર સુધી તેનું સરનામું ૨૪, અકબર રોડ હતું, જે કોંગ્રેસ પાર્ટીનું કાર્યાલય હતું. લગભગ ૪૬ વર્ષ બાદ આજથી નવું સરનામું 'ઈંદિરા ગાંધી ભવન' ૯છ, કોટલા રોડ છે.કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી સહિત પાર્ટીના ૪૦૦ થી વધુ નેતાઓની હાજરીમાં સવારે ૧૦ વાગ્યે તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. તેનો શિલાન્યાસ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ અને સોનિયા ગાંધીએ ૨૦૦૯માં કર્યો હતો. તે ૧૫ વર્ષ પછી બનીને તૈયાર થયું છે.ભાજપ દેશભરમાં ૭૬૮ કાર્યાલય બનાવશે. તેમાંથી ૫૬૩ કાર્યાલય તૈયાર છે, જ્યારે ૯૬ પર કામ ચાલી રહ્યું છે. બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાએ ગયા વર્ષે ઓગસ્ટમાં આ માહિતી આપી હતી.જ્યારે અમે કોંગ્રેસના મીડિયા સંયોજક અમરીશ રંજનને આ જ પ્રશ્ન પૂછ્યો તો તેમણે કહ્યું- દિલ્હી સિવાય દરેક રાજ્ય અને જિલ્લામાં પાર્ટીના કાર્યાલય છે. કેટલીક બ્લોક ઓફિસો પણ છે. પરંતુ કેટલી છે તેનો આંકડો તેમને ખબર નથી.

# ઈલોન મસ્ક અને ડોનાલ્ડ ટ્રમ્પની દોસ્તી વિશે જેફ બેઝોસે કહ્યું, 'ઈલોન એકદમ ચોક્કસ છે કે તે જે પણ કરશે, લોકો માટે કરશે, પોતાના માટે નહીં'



એમેઝોનના માલિક જેફ બેઝોસનું કહેવું છે કે ઈલોન મસ્કે ક્યારેય તેની ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની દોસ્તીનો ઉપયોગ પોતાના ફાયદા માટે નહીં કરે. ઈલોન મસ્કે અમેરિકાના ઈલેક્શનમાં ખુલ્લેઆમ ડોનાલ્ડ ટ્રમ્પનો સપોર્ટ કર્યો હતો. ઈલોન મસ્કને ફર્સ્ટ બડી કહેવામાં આવે છે. તેમ જ ઈલોન મસ્ક એક ડિપાર્ટમેન્ટનો હેડ છે જે સરકારના ફાયદા માટે કામ કરશે. આ માટે ઈલોન મસ્કને વાઈટ હાઉસમાં એક ઓફિસ પણ આપવામાં આવશે એવી ચર્ચા છે.ઈલોન મસ્ક સ્પેસએક્સનો માલિક છે અને જેફ બેઝોસ બ્લુ ઓરિજિનનો માલિક છે. બન્ને કંપની અવકાશ અને એ માટેના યાન માટે કામ કરી રહી છે. તેમ જ બન્ને કંપની અવકાશ ટ્રાવેલ માટે પણ કામ કરી રહી છે. આથી આ બન્ને કંપની માર્કેટમાં ખૂબ જ જોરદાર હરીફાઇ કરી રહી છે. આ વિશે જેફ બેઝોસે કહ્યું હતું કે 'ઈલોન પહેલેથી ખૂબ જ ચોક્કસ છે કે તે જે કઈ પણ કરશે એ લોકોના ઈન્ટરેસ્ટ માટે કરશે. તે કોઈ પણ દિવસે પોતાના અંગત ફાયદા માટે કંઈ નહીં કરે. હું તેને ઓળખું છું.'ગયા મહિને ઈલોન મસ્કે કહ્યું હતું કે અમેરિકાએ સૌથી પહેલાં સ્પેસક્રાફ્ટને મંગળ ગ્રહ પર મોકલવું જોઈએ નહીં કે ચાંદ પર. નાસાના સ્પેસ એક્સપ્લોરેશનના પ્રોગ્રામ વિશે ઈલોન મસ્ક અને જેફ બેઝોસ બન્ને કામ કરી રહ્યા છે. ઈલોન મસ્કની કમેન્ટ વિશે પૂછતાં જેફ બેઝોસે કહ્યું કે 'મારો અંગત મત એ છે કે આપણે બન્નેને સાથે એક્સપ્લોર કરવું જોઈએ. આપણે કોઈ વસ્તુ શરૂ કરવી અને એને બંધ ન કરવી જોઈએ. આપણે ચંદ્રના પ્રોગ્રામને અટકાવવો ન જોઈએ.'ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈલોન મસ્કની દોસ્તી જગજાહેર છે. ઈલેક્શનના પ્રચાર દરમ્યાન ઘણી વાર ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કહેવામાં આવ્યું હતું કે ચંદ્ર કરતાં નાસાએ હવે મંગળ ગ્રહ પર ફોકસ કરવું જોઈએ. આ વિશે ઈલોન મસ્ક પહેલેથી કહેતા આવ્યા છે અને ડોનાલ્ડ ટ્રમ્પ પણ એજ કહી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રેસિડન્ટની ગાદી સંભાળતા જ આ મિશનમાં બદલાવ આવી શકે છે એ વિશે પૂછતાં જેફ બેઝોસ કહે છે, 'કોઈ પણ મિશનની તૈયારી માટે એક પ્રેસિડન્ટનો કાર્યકાળ હોય એના કરતાં વધુ સમય લાગે છે. આથી કોઈ પણ મિશન કરવા માટે એના પર સતત કામ કરવું જરૂરી છે. આથી કોઈ પણ પ્રોગ્રામમાં બદલાવ આવે એવા ચાન્સ ઓછા છે.

## સાધ્વી હર્ષા રિછારિયા પર શંકરાચાર્ય ભડક્યાં, કહ્યું- 'મહાકુંભમાં સંતોના શાહી રથ પર જગ્યા આપવી યોગ્ય નહી'

પ્રયાગરાજના મહાકુંભમાં ચર્ચાનો વિષય બનેલી મોડલ અને એન્કર હર્ષા રિછારિયાને લઈને નવો વિવાદ શરૂ થયો છે. હર્ષાને મહાકુંભ પહેલા અમૃત સ્નાનમાં સામેલ કરવા અને તેને મહામંડલેશ્વરના શાહી રથ પર બેસાડવાને લઈને વિવાદ ઉભો થયો છે. જ્યોતિષ પીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને આ બિલકુલ પસંદ નહોતું.શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું, 'મહાકુંભમાં આવી પરંપરા શરૂ કરવી સંપૂર્ણપણે ખોટી છે. આ વિકૃત માનસિકતાનું પરિણામ છે. મહાકુંભમાં ચહેરાની સુંદરતા નહીં પણ હૃદયની સુંદરતા જોવી જોઈતી હતી.'આ અંગે શંકરાચાર્યએ વધુમાં કહ્યું કે, 'જે વ્યક્તિએ હજુ સુધી નિર્ણય લીધો નથી કે સંન્યાસની દીક્ષા લેવી કે લગ્ન કરવા, તેને સંત મહાત્માઓના શાહી રથમાં સ્થાન આપવું યોગ્ય નથી. ભક્ત તરીકે હાજર રહેવું સારું હતું, પણ ભગવા વસ્ત્રોમાં રાજવી રથ પર બેસવું એ સાવ યોગ્ય છે.'શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું કે, 'સનાતન પ્રત્યે સમર્પણ હોવું જરૂરી છે. મહાકુંભમાં ચહેરાની સુંદરતા નહીં પણ મનની સુંદરતા જોવી જોઈતી હતી. જેમ પોલીસમાં ભરતી થયેલા લોકો માટે જ પોલીસ યુનિફોર્મ ઉપલબ્ધ છે, તેવી જ રીતે માત્ર સન્યાસીઓને જ ભગવા વસ્ત્રો પહેરવાની છૂટ છે.'હર્ષા રિછારીયા નિરંજની અખાડાના મહામંડલેશ્વર કૈલાશાનંદ મહારાજના શિષ્ય છે અને મૂળ ભોપાલ, મધ્યપ્રદેશના છે. સાધ્વી હોવા ઉપરાંત, હર્ષા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર છે. તેના વાયરલ વીડિયો અને તસવીરો જોઈને તેના ફેન્સ તેને મહાકુંભ ૨૦૨૫ ફેમનું બિરુદ આપી રહ્યા છે.

# લિકર પોલિસી કૌભાંડમાં કેજરીવાલ સામે ચાલશે મની લોન્ડરિંગ કેસ

ગૃહ મંત્રાલયે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈઢ)ને છઁછ કન્વીનર અરવિંદ કેજરીવાલ સામે મની લોન્ડરિંગનો કેસ દાખલ કરવાની મંજૂરી આપી દીધી છે. દિલ્હીના એલજી વિનય સક્સેનાએ પણ કેજરીવાલ પર કેસ ચલાવવાની મંજૂરી આપી દીધી છે.મંજૂરી લેવી પડી, કારણ કે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સરકારી કર્મચારીઓ પર કેસ ચલાવવા માટે આવું કરવું પડશે. ઈઢએ ગયા વર્ષે પીએમએલએ કોર્ટમાં કેજરીવાલ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. એમાં કેજરીવાલને લિકર પોલિસી કૌભાંડમાં આરોપી બનાવવામાં આવ્યા હતા. આ મંજૂરી એવા સમયે મળી છે જ્યારે દિલ્હીમાં ૫ ફેબ્રુઆરીએ



વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. પરિણામ ૮ ફેબ્રુઆરીએ આવશે.

દિલ્હીના એલજી વીકે સક્સેનાએ શનિવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈઢ)ને લિકર પોલિસી મામલે અરવિંદ કેજરીવાલ સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપી હતી. ૫ ડિસેમ્બરે ઈઢએ કેજરીવાલ સામે ટ્રાયલ ચલાવવા માટે ન્ પાસે પરવાનગી માગી હતી.

દેશના ઈતિહાસમાં આ પહેલો એવો કેસ હશે, જેમાં તમે અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાને જેલમાં ધકેલી દીધા હોય. બંનેને ટ્રાયલ કોર્ટ અને સુપ્રીમ કોર્ટમાંથી પણ જામીન મળ્યા. ૨ વર્ષ પછી તમે ટ્રાયલ માટે મંજૂરી આપી અને આ ત્યારે છે જ્યારે ચૂંટણી નજીક છે. ખોટા કેસ દાખલ કરવા, આમ આદમી પાર્ટીના નેતાઓને બદનામ કરવાની તેમની જૂની પદ્ધતિ છે, પરંતુ હવે જનતા બધું સમજી ગઈ છે. ટ્રાયલ કોર્ટમાં કેજરીવાલ સામે ૭મી ચાર્જશીટ દાખલ કરી હતી. ૯ જુલાઈએ ચાર્જશીટની નોંધ લેતાં ટ્રાયલ કોર્ટે કહ્યું હતું કે- કેજરીવાલ સામે કેસ ચલાવવા માટે પૂરતા પુરાવા છે.

## ટેક્સ સ્લેબમાં થશે ફેરફાર, સિનિયર સિટીઝનને છૂટની શક્યતા, બજેટમાં થઈ શકે ઘણાં મોટા એલાન

નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીએ મોદી ૩.૦નું પ્રથમ પૂર્ણ કાળનું બજેટ ૨૦૨૫) રજૂ કરશે. આ બજેટમાં કરદાતાઓ અને સામાન્ય લોકો ઈન્કમટેક્સમાં મોટા સુધારાઓ થવાની અપેક્ષા રાખી રહ્યા છે. સામાન્ય માણસ પરનો બોજ ઘટાડવા માટે કોઈ ફેરફારની જાહેરાત કરવામાં આવશે કે કેમ? તેના વિશે અનેક અપેક્ષાઓ વ્યક્ત થઈ રહી છે. આવો જાણીએ આ બજેટથી સામાન્ય માણસ અને કરદાતાઓને શું ખાસ અપેક્ષાઓ...આ વર્ષના બજેટમાં ટેક્સ સ્લેબમાં સંભવિત ફેરફારો અને રાહતોની રજૂઆત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તેવી અપેક્ષા છે. વધુમાં જૂની ટેક્સ વ્યવસ્થામાં વધુ કપાતનો સમાવેશ થાય તેવી અપેક્ષા છે. નિષ્ણાતો સૂચવે છે કે સરકારે કલમ ૮૦્છ (સેવિંગ્સ એકાઉન્ટ વ્યાજ) હેઠળ કપાત મર્યાદા રૂ. ૧૦,૦૦૦થી વધારીને રૂ. ૨૦,૦૦૦ કરવા પર વિચાર કરવો જોઈએ. કલમ ૮૦્મ હેઠળ વરિષ્ઠ નાગરિકો માટે કપાત મર્યાદા વધારી રૂ. ૧ લાખ કરવાની ભલામણ કરવામાં આવી છે, જે હાલમાં રૂ. ૫૦,૦૦૦ (ફિક્સ્ડ ડિપોઝિટ વ્યાજ માટે) છે.આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૮૦્છ, વ્યક્તિગત અને હિન્દુ અવિભાજિત પરિવારો (ૐૐ)ને બેન્કો, સહકારી બેન્કો અથવા પોસ્ટ ઓફિસના બચત ખાતામાં મળતાં વ્યાજની આવક પર રૂ. ૧૦,૦૦૦ સુધીની કપાત પ્રદાન કરે છે. આ કપાત ૬૦ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિઓ અને ૐૐ માટે લાગુ છે. જો કે, તે ફિક્સ્ડ ડિપોઝિટ અથવા રિકરિંગ ડિપોઝિટ (ઈઢ)માંથી મળતા વ્યાજ પર લાગુ પડતું નથી.કલમ ૮૦્મ અનુસાર, વરિષ્ઠ નાગરિકોને એફડી, રિકરિંગ અને સેવિંગ ડિપોઝિટમાંથી મળતી આવક પર રૂ. ૫૦૦૦૦ સુધીની કર કપાત મળે છે. આ કપાત બચત અને ફિક્સ્ડ ડિપોઝિટ સહિત બેન્ક ડિપોઝિટ પર મળતાં વ્યાજની આવક સાથે સાથે પોસ્ટ ઓફિસ ડિપોઝિટ પર પણ લાગુ છે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO : 161**
વિષય : સુખનું સાચુ સરનામુ
શિર્ષક : કીટ્ટા બુચ્ચા
પ્રકાર : લેખ શબ્દો : ૩૦૦

કીટ્ટા, બુચ્ચા! આ શબ્દોમાં જ બાળપણ સમાયેલું છે. બાળપણ જ આપણા સુખનું સાચુ સરનામું છે. વાતે ને વાતે, રમતમાં ને રમતમાં, વારંવાર ભજવાતાં અને જીવનમાં વણાયેલા શબ્દો એટલે કીટ્ટા ને બુચ્ચા. એ રીસામણાં અને મનામણાંમાં પણ કેટલું વ્હાલ છુપાયેલું હતું. એક રીસાય ને એક મનાવે. પછીનો એ સંબંધ વધુ મજબૂત બનતો જતો. ફરી ક્યારેય કીટ્ટા નહીં કરવાનો વાયદો પણ અપાતો. પણ સાવ ઓછા સમય માં એ આપેલો વાયદો તૂટ્યો જ સમજો ! આમ જોઈએ તો એ રીસામણાં ને મનામણાં કેટલાં નિર્દોષ હતાં?
પણ એમાં શિસ્ત એ હોઈ શકે કે કોઈ પણ એકને જ રીસાવાનો હક્ક. જો બંને રીસાયા તો મનાવે કોણ? કીટ્ટા કર્યા પછી પણ બીજી જ ક્ષણથી બુચ્ચા કરનારની રાહ જોવા મા મંડાય. બંને તરફથી બુચ્ચા અનિવાર્ય છે. બુચ્ચા પછી પાછી એ જ ધીંગા મસ્તી! જાણે કે કંઈ બન્યું જ ન હતું. આ જ કીટ્ટા બુચ્ચાના ચક્કરમાંથી પસાર થતાં થતાં આપણે ક્યારે મોટા થઈ ગયાં ખબર જ ના પડી.

પણ.. શું હજી પણ એ રમત આપણે ચાલું રાખીએ છીએ? કદાચ હા. એ ચાલું રાખેલી કીટ્ટા બુચ્ચાની રમતમાં એક વસ્તુ વચ્ચે આવી જાય છે અને તે છે અહમ્! બાળપણમાં અહમ્ ને કોઈ જ સ્થાન ન હતું. અહમ શબ્દમાંથી 'હમ' અદ્રશ્ય થઈ જાય. ઘડીક વારમાં બુચ્ચા થઈ જતુ એ બાળપણ હવે અહમ્ ની વચ્ચે અટવાતુ રહેતું. ઘણીવાર તો એ કીટ્ટા વર્ષો સુધી અકબંધ જળવાઈ રહે. આપણા સુખનું સરનામું ક્યાંક અને ક્યારેક ખોવાઈ જાય છે. કદાચ આજીવન પણ! જીવનભર કો'કની બુચ્ચા કરવાની રાહમાં ને રાહમાં જીવન ટૂંકું થવા લાગે અને છેલ્લા શ્વાસમાં રહે માત્ર વસવસો કે કાશ.... મેં બુચ્ચા કરી દીધી હોત તો એ અંત સમયે મારી સાથે હોત !

તો ચાલો આપણે બધાં આપણા આ કીટ્ટા બુચ્ચાના ખેલમાંથી બહાર આવીને ફક્ત ને ફક્ત બુચ્ચા બુચ્ચા ને બુચ્ચા તરફ જ પ્રયાણ કરીએ. અહમને ઓગાળીને હમ તરફનું પ્રયાણ. એ જ બાળપણની અલ્લડતા અને નિર્દોષતાને માણીએ, તેમજ આપણા સુખના સાચા સરનામાને કાયમી બનાવી દઈએ. અસ્તુ.
ºººººººગ્રીષ્મા પંડ્યા ºººººº

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:-226**
વિષયઃ- સુખનું સાચું સરનામુ
શિર્ષકઃ સુખનું સાચું સરનામું
રચનાઃ- પદ્ય શબ્દોઃ-૮૩

?સફળતા કરતાં સંતોષ ઉત્તમ જ છે ભાઈ.
સંતોષ તો સ્વયં નક્કી કરતા રહ્યા ભાઈ.
સફળતાનું માપદંડ વળી હાથે નહીં ભાઈ.
સંતોષ તો સ્વયં સ્વ આત્મામાં રહે ભાઈ.

નિષ્ફળતા મળે તો નવી ઊર્જા મળે ભાઈ.
સફળતા પામવાની નવી કેડી મળે ભાઈ.

ઘેર બેઠાં કદી મુકામે ના પહોંચાય ભાઈ.
મંઝિલ તરફ કદમ ઉપાડવા પડે રે ભાઈ.

નિષ્ફળતાથી હામ કદીય ન હારવી ભાઈ.
કરતાં પ્રયત્નો મંઝિલ રહેશો પામી ભાઈ.

વેર ભાવના કે લાલસા રાખશો ના ભાઈ.
સુખનું સાચું સરનામું ત્યાગધર્મ છે ભાઈ.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO :158**
વિષયઃ સુખનું સાચું સરનામું
શીર્ષકઃ સંતોષથી મળે
પ્રકારઃપદ્ય ?શબ્દોઃ૬૮

જિંદગીની શરૂઆત છે સફળતા,
સફળતાની ચાવી છે નિષ્ફળતા!

સફળતા મેળવવા સંઘર્ષ કરવો પડે,
ધ્યેય પ્રાપ્તિ જિંદગીમાં લડવું પડે!

કોઈ વાર ખુશી તો કોઈ વાર ગમ મળે,
જીવન સફરમાં સમ રહેવું પડે!

વિષમ પરિસ્થિતિમાં રહે સારી ચિત્તવૃત્તિ ,
અવર દુઃખ જોઈ હૈયું દુભાય અતી!

ક્યારેક આશા ક્યારેક નિરાશા મળે,
સુખનું સાચું સરનામું સંતોષથી મળે!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 166**
વિષય :- "સુખનું સાચુ સરનામુ"
શિર્ષક :- "સુખનું સાચુ સરનામું"
પ્રકાર. :- પદ્ય. શબ્દોઃ-૧૦૦

જ્યાં આનંદ-ઉમંગ હરપળ ઉભરાય છે,
જ્યાં શાંતિભર્યુ વાતાવરણ સર્જાય છે,
જ્યાં રાગ-દ્વેષ, ઈર્ષ્યાને ભૂલી જાય છે,
એ જ સુખનું સાચુ સરનામુ કહેવાય છે.

જ્યાં નાના મોટાનો આદર જળવાય છે,
જ્યાં માન મર્યાદાઓનું પાલન કરાય છે,
જ્યાં આત્મ સંતોષને મહત્વ અપાય છે,
એ જ સુખનું સાચુ સરનામુ કહેવાય છે.

જ્યાં પ્રમાણિકતાથી જીંદગી જીવાય છે,
જ્યાં તન અને મન નિર્મળ અનુભવાય છે,
જ્યાં માનવતાની ધારા વહેતી દેખાય છે,
એ જ સુખનું સાચુ સરનામું કહેવાય છે.

જ્યાં ભક્તિનું વાતાવરણ અનુભવાય છે,
જ્યાં સત્સંગનો મહિમા કાયમ ગવાય છે,
જ્યાં હમેશા પ્રભુ પ્રસન્ન થાય છે "મુરલી",
એ જ સુખનું સાચુ સરનામું કહેવાય છે.

ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.167***
★વિષયઃ-"સુખનું સાચું સરનામું"★
★શિર્ષક;-"મારા દિલમાંથી મળ્યું"★
★પ્રકારઃ- પદ્ય - શબ્દ;;:૮૬★

ઉથલાવી નાખ્યા દરેક કાગળ, દિલની ફાઈલનાં,
શોધવા એક સરનામું સુખનું, હા! સુખનું સરનામું.
હતું જરૂરુંરી નિંદામણ, ઉગેલા ખોટા વિચારનું,
ભલેને ખાતર નાખ્યું હતું, સંબંધોનાં આચારનું.
મનમાં પૂરી ઉંજણને, પ્રગટાવ્યા દિવડા આસના,
છતાં થતી વધઘટ ઉજાશીમાં, શું સમજુ પ્રકાશનું,
ફરી વળ્યો ગામે-ગામ, શહેર-શહેર શોધવા તેને,
અંતે મળ્યું એક સરનામું, ને હર્ષનો કંઈ પાર નહીં
કરી નાખી ખેપ એ સ્થળની, સુખના સરનામાં માટે,
ને, આશ્ચર્ય સાથે અંતે તો તે મારા દિલમાંથી મળ્યું.

★નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 0089**
વિષય સુખનું સાચું સરનામું
શીર્ષક અંતરમાં. ગદ્ય. શબ્દો
—-

દુઃખની ગેરહાજરી એટલે સુખ. તેના પ્રકાર ઘણાં પણ અનુભૂતિનું સ્થળ'' અંતર. ''શારીરિક તંદુરસ્તી હોય તો જીવન હર્યું ભર્યું લાગે. આપણી સુંદર કહેવત યાદ આવી જાય.
'' પહેલું સુખ તે જાતે નર્યા''.
બીજીબાજુ આર્થિક સ્થિતિ ડામાડોળ હોય ત્યારે સુખ છુમંતર થઈ જાય. જાણે સુખનું કારણ માત્ર પૈસા ન હોય ? હા પૈસો જરુરી છે તેની ના નહી.
સુખનું સરનામું કદી બદલાતું નથી .સુખ વેશ બદલીને પણ આવી શકે. સુખની પ્રાપ્તિ માટે
કદી ફાંફા મારવા નહી.
સુખ મનની અવસ્થા છે. મન ચંચળ છે. જેને કારણે સુખ વિચલિત થાય છે.
સુખ મોંઘી ગાડી અને કિંમતી દાગીનામાં નહીં મળે. સુખ મળશે સંતોષમાં. ઘરનું સરનામું બદલાઈ શકે. સુગંધનું સરનામું પવનની દિશા સાથે બદલાઈ શકે. કોઈની તાકાત નથી તમારી સુખી અવસ્થામાં દખલ કરી શકે.

કહેવાય છે '' સુખનું પહેરણ '' ભલે મલમલનું હોય પણ તમારી રક્ષા કરી શકે. તે સદા નવું લાગે. તેને ચોર ચોરી ન શકે. તે ફાટી પણ ન જાય .
સુંખની પાછળ કદી આંધળી દોટ ન મુકવી. સુખ તમારો સ્વભાવ છે. અંતરમાં મહાલે છે.

પ્રવિણા અવિનાશ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:153** વિષયઃ" " સુખ નું સાચુ સરનામુ" શીર્ષકઃ" સુખ નામ નાં સ્વર્ગ નો રસ્તો"
પ્રકારઃપધ્ય. શબ્દોઃ૧૪૮
ચાલો આપણે સૌ ભેગાં થઈ ને,
સુખ નું સાચું સરનામું શોધીએ.
ચાલો આપણે સૌ દોષ મુક્ત થઈ ને,
એક બીજા ને રોષ મુક્ત કરીએ.
ચાલો આપણે સૌ દુઃખની આભા દુર કરી, પરિચિતો નાં મુખ પર પ્રસન્નતા લાવીએ.
ચાલો આપણે સૌ એકબીજા નાં દુઃખ ની કાંગરી ખેરવી,સુખ નો રસ્તો કાપીએ.
ચાલો આપણે સૌ આપણાં દુઃખ ને મન માં દાટી,સુખ નાં પતાસાં વહેંચવા નીકળીએ .
ચાલો આપણે સૌ મકાન માંથી, ઘર બનાવવા નો દસ્તાવેજ કરીએ.
ચાલો આપણે સૌ વધુ પડતાં નોકરો નાં પરસેવા ની દુર્ગંધ થી દુર ભાગી, સ્વજનો નાં શ્વાસ ની સુગંધ માણીએ.
ચાલો આપણે સૌ દંભી,સ્વાર્થી અને દેખાડો કરતાં સંબંધ થી દુર ભાગી, સીધા,સરળ અને નિસ્વાર્થી સંબંધ તરફ વળીએ.
ચાલો આપણે સૌ ભેગાં થઈ ને,
સુખ નું સાચું સરનામું શોધવાં જઈએ.
જીતેન્દ્ર શાહ"સુકાન્ત"
આભાર - નિહારીકા રવિયા (અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:383**
વિષય : સુખનું સરનામું
શીર્ષક : સુખી જીવનની નિશાની
પ્રકાર : ગદ્ય લેખ. શબ્દો :૩૫૦

કહેવાય છે કે "પહેલું સુખ તે જાતે નર્યા" એ ખરેખર સાચું જ છે, કારણકે સુખ મેળવવા માણસ ઘણાં ટૂંકા રસ્તા અપનાવે છે જેમ કે કોઈને પૈસામા સુખ દેખાય છે ખોટી રીતે અને અનીતિનું ધન કે પૈસો કમાય છે ત્યારે પૈસો ચોક્કસ મળે છે પરંતુ સાચું સુખ મળતું નથી સાચું સુખ મેળવવા માટે મહેનતથી કમાયેલી લક્ષ્મીથી સાચો આનંદ અને સાચું જીવન જીવવાની મજા આવે છે. તેવી જ રીતે ઘરની અંદર રહેલી ગૃહ લક્ષ્મીને આપણે બહેન ,માતા ,પત્ની કે દીકરી જો ખુશ હોય તે સાચું સુખ છે. ઘરની ગ્રહલક્ષ્મી નારાજ હોય તે ઘરમાં ક્યારેય સુખ આવતું નથી ગ્રહલક્ષ્મીને આદર અને માન તથા મર્યાદાથી સન્માન કરવું જોઈએ તેની પૂજા કરવી જોઈએ, તો અવશ્ય આપણે સાચું સુખ મેળવી શકીએ છીએ. આજનો આધુનિક યુગનો માણસ જે વ્યક્તિના ઘરની અંદર પોતાના જ સભ્યો સાથે બેસી સુખેથી ભોજન કરી નથી શકતા,એકબીજાની વાત અને મુશ્કેલી કહી નથી શકતા અને તણાવમાં જીવતા હોય છે ત્યારે ઘણું બધું ગુમાવવાનો વારો આવે છે. આવા સમયે વ્યક્તિની પાસે કરોડોની મિલકત હોવા છતાં ક્યારેય સુખને પામી નથી શકતો.

આજના જમાનામાં સોશિયલ મીડિયાના માધ્યમથી એક વ્યકિત બીજા વ્યક્તિને મેસેજથી વાત કરે છે વિચારોને અને લાગણીને સમજતો નથી , પ્રેમ અને પ્રેમની ભાષાને સમજતો નથી ,ત્યારે મિત્ર , ભાઈ, પિતા , દીકરો હોય કે દીકરી તેને ક્યારે નજીકથી વાતચીત કરી તેની લાગણીને સમજી નથી, કુટુંબમાં પોતાના વ્યક્તિઓને ન્યાય નથી આપી શકતો. ફક્ત પૈસાની પાછળ પોતાનો સમય વ્યતીત કરી અંતમાં પોતાનું જીવન છેલ્લી અવસ્થામાં આવે છે ત્યારે સુખની શોધ કરે છે, અને તેને સમજાય છે જ્યારે સુખ મેળવવાનું હતું ,મારે લાગણીની વાતો સમજવાની હતી તેવી વ્યક્તિ આજે મારી સાથે નથી .કારણ કે મેં જેવી આદત પાડી હતી એવી જ આદત મારા કુટુંબીજનો પડી ગઈ છે, જીવનના અંત સુધીમાં પૈસાથી સુખ શોધતો રહ્યો પણ શરીરથી મનથી સાચો પ્રેમ મેળવી ન શક્યો . જો વ્યક્તિએ સુખના સરનામાં સુધી પહોંચવું હોય તો પોતાના અને મિત્રો સાથે બેસી બધું જ ભૂલી જાય અને તણાવ મુક્ત જીવન અને રોગ મુક્ત જીવન જીવવું અને સાચા મનુષ્ય તરીકે નું જીવન જીવવું જોઈએ. આ બધું જ કર્યા પછી સાંજે સરસ મજાની અને શાંતિથી ઊંઘ આવે અને એ પણ વગર ટેબલેટ તો જ સમજવું કે હું સુખી છું.
- ડો.સતિષ એસ.પટેલ (પ્રકૃતિ રક્ષક) નરોડા અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : .2o5**
વિષયઃસુખ નું સરનામું
શિર્ષકઃજનેતા નો ખોળો
શબ્દોઃ ૨૫૦

કોય માણસ અન્ન થી દુઃખી તો
કોય માણસ મન થી દુઃખી
તો કોય માણસ ધન થી દુઃખી
તો કોય માણસ તન થી દુઃખી
બધા માણસ ને ભગવાનને બધું બરોબર આપીયુ નથી
ભૈતીક સુખ મેળવવા માટે આજ નો માણસ
કરે છે રાત ને દિવસ દોડા દોડી
પછી પૈસો ન્યાય નો હોય કે અન્યાય નો
હાય નો હોય કે હરામ નો
ઈમાનદારી નો હોય કે બેઈમાની નો
તે ક્યાં કોય ને જોવા નું
સાચા સુખની વ્યાખ્યા તો મહેનત ની કમાણી
અને સ્વમાન સાથે જીવો તે શે
પણ આજ નો માણસ પોતાના અરમાનો
ને પુરા કરવા અને લાઈફ સ્ટાઈલ જીવવા માટે કુદરત નો ડર
રાખીયા વગર કોય પણ
કાર્યે કરવા ત્યાર થય જાય છે
જેને પોતાની ઈજ્જત ની પ્રવાહ નથી હોતી
માણસ જન્મ ના છઠે દિવસે છઠીયાર માં
પણ ખીસસુ નથી હોતું અને માણસ ના મુત્યુ
બાદ કફન માં પણ ખિસસુ નથી હોતું
તો આ વચગાળા નું ખિસ્સું ભરવા આટલો
બધો પ્રપંચ કેમ તે વાત મને નથી સમજાતી
અરે મનુષ્ય નું સાચું સુખ તો પોતાની જનેતા ના ખોળા માં હોય છે
એક વાર તમારા જનેતા ના ખોળા માં
માથું મૂકી ને તો જોવો પછી સુખ નો
અહેસાશ ન થાય તો આ પથીક ને કહો
રચિયતઃ પથીક ઊર્ફે વિજયસિંહ બાબુભા ઝાલા ઢવાણા હળવદ

# મહા કડાકામાં 'તેજીના શ્રધ્ધાળુઓ'ની સંપતિમાં રૂ.૧૨.૬૨ લાખ કરોડનું ધોવાણ



મુંબઈ : પ્રયાગરાજમાં મહાકુંભના આરંભે પ્રથમ દિવસે દોઢ કરોડથી વધુ શ્રધ્ધાળુઓએ ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવ્યાના શુભારંભ સામે બીજી તરફ શેર બજારોમાં સપ્તાહના પ્રથમ દિવસે અસાધારણ મંદીના મહાકડાકામાં સેન્સેક્સની ૧૦૪૯ પોઈન્ટ અને નિફ્ટીની ૩૪૫ પોઈન્ટની ડૂબકી સાથે શેરોમાં તેજીના શ્રધ્ધાળુઓની એક દિવસમાં જ રૂ.૧૨.૬૨ લાખ કરોડની સંપતિનું ધોવાણ થઈ ગયું હતું. વૈશ્વિક અને ઘર આંગણે અનેક નેગેટીવ પરિબળો સર્જાતાં શેર બજારોમાં આજે મંદીનો મહા કડાકો બોલાઈ ગયો હતો. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયાનું સતત થઈ રહેલું પતન આજે રૂપિયાના નવી ૮૬.૬૦ની નવી નીચી સપાટીએ લાવી દેતાં અને આંતરરાષ્ટ્રીય મોરચે ક્રુડ ઓઈલના ભાવમાં ભડકો થઈ પાંચ મહિનાની ટોચે પહોંચવા સાથે અમેરિકામાં રોજગારીમાં વૃદ્ધિના મજબૂત આંકડાએ યુ.એસ. બોન્ડ યીલ્ડમાં પણ ઝડપીઉછાળા સાથે ફુગાવો વધવાના જોખમે યુ.એસ. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાની અનિશ્ચિતતા સર્જાતાં વૈશ્વિક જારોની સાથે ભારતીય શેર બજારોમાં અત્ર તત્ર સર્વત્ર શેરોમાં ગાબડાં પડયા હતા. સેન્સેક્સ ૧૦૪૮.૯૦ પોઈન્ટ તૂટીને ૭૬૩૩૦.૦૧ અને નિફ્ટી ૫૦ સ્પોટ ૩૪૫.૫૫ પોઈન્ટ તૂટીને ૨૩૦૮૫.૯૫ બંધ રહ્યા હતા. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની શેરોમાં સતત ધૂમ વેચવાલી આજે પણ રૂ.૪૮૯૨.૮૪ કરોડની થયા સામે દરેક ભાવે શેરોમાં ખરીદી કરનારા સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની આજે સોમવારે રૂ.૮૦૬૬.૦૭ કરોડ થઈ છે છતાં છેલ્લા ત્રણ મહિનાથી ફાર્મા સિવાયના સેક્ટરલ ફંડોમાં નેગેટીવ વળતર આપનારા મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણકારોની મૂડી ડૂબવાનું જોખમ ઊભું થયું છે.

ઓટોમોબાઈલ શેરોમાં આજે મંદીના હેમરિંગે મોટા ગાબડા પડયા હતા. એમઆરએફ રૂ.૪૨૯૪.૭૦ તૂટીને રૂ.૧,૧૨,૮૦૦, ભારત ફોર્જ રૂ.૩૯ તૂટીને રૂ.૧૧૭૦, ટાટા મોટર્સ રૂ.૨૩.૭૦ તૂટીને રૂ.૭૫૦.૭૫, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૯૨.૩૦ તૂટીને રૂ.૨૯૯૯.૭૫, આઈશર મોટર્સ રૂ.૧૨૫ તૂટીને રૂ.૪૯૩૫.૦૫ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૧૫૩૯.૩૬ પોઈન્ટ તૂટીને ૫૦૪૮૭.૪૯ બંધ રહ્યો હતો.

કન્ઝયુમર ડયુરેબલ્સ કંપનીઓના શેરોમાં આજે ફંડોએ કરેલા મોટા હેમરિંગે કડાકો બોલાઈ ગયો હતો. બીએસઈ કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૨૪૬૯.૫૬ પોઈન્ટ તૂટીને ૫૯૮૭૭.૩૯ બંધ રહ્યો હતો. કલ્યાણ જવેલર્સ રૂ.૫૩.૯૦ તૂટીને રૂ.૫૭૨.૬૫, વ્હર્લપુલ ઓફ ઈન્ડિયા રૂ.૧૦૮.૨૦ તૂટીને રૂ.૧૫૯૨.૮૫, બ્લુ સ્ટાર રૂ.૧૨૦.૬૫ તૂટીને રૂ.૧૮૫૪.૭૫, હવેલ્સ ઈન્ડિયા રૂ.૬૬.૪૦ તૂટીને રૂ.૧૫૩૩.૩૦ રહ્યા હતા.કેપિટલ ગુડઝ-પાવર શેરોમાં પણ અસાધારણ કડાકો બોલાઈ જતાં બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૨૩૦૧.૫૪ પોઈન્ટ તૂટીને ૬૧૯૩૧.૧૧ બંધ રહ્યો હતો. રેલ વિકાસ નિગમ રૂ.૩૫.૧૫ તૂટીને રૂ.૩૫૮.૧૫, કેઈન્સ રૂ.૫૧૪.૫૦ તૂટીને રૂ.૬૧૪૬.૩૦, ભારત ડાયનામિક્સ રૂ.૮૫.૮૦ તૂટીને રૂ.૧૧૧૪.૬૦, એનબીસીસી રૂ.૫.૫૩ તૂટીને રૂ.૭૮.૯૨, જીએમઆર એરપોર્ટ રૂ.૪.૭૯ તૂટીને રૂ.૬૯.૬૯, પાવર ઈન્ડિયા રૂ.૮૪૫.૩૫ તૂટીને રૂ.૧૨,૬૫૪, એલજી ઈક્વિપમેન્ટ રૂ.૩૫.૧૦ તૂટીને રૂ.૫૨૯.૭૦, ભેલ રૂ.૧૧.૯૦ તૂટીને રૂ.૧૯૨.૬૦, ફિનોલેક્ષ કેબલ રૂ.૪૫.૪૦ તૂટીને રૂ.૯૯૩ રહ્યા હતા.

# સુખદેવ સેવા સંસ્થાન ટ્રસ્ટ ગુજરાત આયોજિત શંખલપુર ધામ ખાતે શ્રી નવદુર્ગા પ્રીતિ શક્તિ મહાયજ્ઞ ની ભવ્ય પૂર્ણાહુતિ કરવામાં આવી



શ્રી ટોડા શંખલપુર ધામ બહુચર માતાના મંદિરમાં આજે સુખદેવ સેવા સંસ્થાન ના ૨૦૦ જેટલા પરિવાર જનો એ મહાયજ્ઞમાં ભાગ લીધો જેના શુભ પ્રસંગે અમદાવાદ શહેરથી પૂજ્યપાદ શ્રી નારાયણ પ્રસાદ શાસ્ત્રીજી તથા ખરચ કોસંબા શહેર થી મેલડી માતાના પરમ ભક્ત શ્રી ભાવનાબેન દરબાર એ વિશેષ ઉપસ્થિતિ આપી હતી તથા દરેક માઈ ભક્તોને શુભ આશીર્વાદ આપ્યા હતા આજે મહાન દેવી યજ્ઞમાં ડીસા શહેરના શ્રી દયારામ ભાઈ ઠક્કર મુખ્ય યજમાન બની સ્થાન ગ્રહણ કર્યું હતું તથા સુખદેવ સેવા સંસ્થાન ટ્રસ્ટ ગુજરાતના સંચાલક શ્રી યશવંત શાસ્ત્રીજી મહારાજે દરેક માઇ ભક્તોને આજના કાર્યક્રમ નિમિત્તે શુભકામનાઓ પાઠવી હતી તથા તમામ દીકરીઓને ધાર્મિક કાર્યની માહિતી હેતુ તથા જાગૃતિ હેતુ અવાર નવાર બહેનો માટે આવા કાર્યક્રમો થાય તેવી પ્રેરણા કરી હતી તથા દરેક બહેનોનું સંસ્કૃત પ્રમાણપત્ર સાથે સન્માન કરવામાં આવ્યું હતું તથા દરેકને સનાતન ધર્મ વિશે માહિતી આપી હતી આ કાર્યક્રમ મા વિશેષ બહુચરાજીના મામલતદાર સાહેબ શ્રી રાજેશભાઈ કાનુડા વાળા મહાન ઉત્સવમાં શરૂઆતથી સેવા આપીને પોતાનું દાયિત્વ માના ચરણોમાં સમર્પિત કર્યું હતું. પોષ મહિનામાં શ્રી બહુચર માતાના ધામમાં શંખલપુર પ્રાંગણમાં શાકંભરી નવરાત્રીની ઉજવણી કરીને લોક કલ્યાણ હેતુ સંસ્થા દ્વારા મહા ફળ ગૌ માતાની સેવામાં અર્પણ કરવામાં આવ્યું હતું આ મહાન દિવ્ય ઉત્સવમાં વાવ થરાદ પાલનપુર ડીસા ભાભર ધાનેરા રાજકોટ વલસાડ સુરત વગેરેથી માઈ ભક્તો આવીને આ કાર્યમાં સહભાગી બન્યા છે આ કાર્ય સમસ્ત ભક્તોના સહયોગ થકી પરિપૂર્ણ કરવામાં આવ્યું છે તેવું સંસ્થાના સંચાલક શ્રી યશવંત શાસ્ત્રીજી મહારાજે જણાવ્યું આ કાર્ય સમાજ માટે તથા લોક કલ્યાણ માટે ઉપયોગી બને તે હેતુ માના ચરણોમાં વારંવાર વંદન કર્યું છે આ દિવ્ય કાર્યમાં ૫૧ જેટલા જોડકાઓ બેસીને માતાજીનો દિવ્ય કાર્ય પરિપૂર્ણ કર્યું છે શ્રી રાધા બેન સહિત ,,, શ્રી કિશોરભાઈ ચૌહાણ,, શ્રીમાન નરેશભાઈ ઠક્કર તેમના તમામ મિત્રો સહિત ,,, ગીતાબેન પટેલ પુષ્પાબેન તથા રુચિતાબેન રોશનીબેન વગેરે તમામ બહેનો નો નું શંખલપુર મંદિર ભક્તોવતી અભિવાદન કરવામાં આવ્યું છે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી અમૃતભાઈ શ્રી રમેશભાઈ પટેલ વગેરે સેવારત રહ્યા છે,,,, સુખદેવ સેવા સંસ્થાન ટ્રસ્ટ ગુજરાત વતી યશવંત શાસ્ત્રીજી મહારાજે તમામ ભક્તોનો આભાર પ્રગટ કર્યો છે જય માતાજી,, વિનોદ બાંડીવાળા ડીસા

# સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ તરીકે હિમાંજય પાલીવાલે કાર્યભાર સંભાળ્યો




પરસ્પર સહકાર, ભારતીય જ્ઞાન પરંપરાની વાહક પાઠશાળાઓના સંવર્ધન અને સંસ્કૃત શિક્ષક પ્રાધ્યાપકોનું સંરક્ષણ ત્રીબિંદુ ઉદ્દેશ્ય રહેશે - હિમાંજય પાલીવાલ, અધ્યક્ષ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સંસ્કૃત ભાષાને સંવર્ધન માટે થઈને 'ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ'ની સંરચના કરવામાં આવી છે. શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર પ્રાણ પ્રતિષ્ઠાની વર્ષગાંઠના શુભ મહૂર્તે તારીખ ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ શ્રી હિમાંજય પાલીવાલે 'ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ'ના અધ્યક્ષ તરીકે દાયિત્વ સ્વીકાર કર્યું. તેમની સાથે ઉપાધ્યક્ષ તરીકે શ્રી પંકજભાઈ ત્રિવેદી (પાલીતાણા) તેમજ સભ્યો ડૉ. આશિષ જનકરાય દવે, ડૉ. મયુરીબેન ભાટીયા અને ડૉ. અશોકભાઈ જોશીએ પણ દાયિત્વ સ્વીકારવા ઉપસ્થિત રહ્યા હતા.અધ્યક્ષીય ઉદબોધનમાં હીમાંજય પાલીવાલે જણાવ્યું કે દેવભાષા સંસ્કૃતની સેવા માટે ઈશ્વરે અમોને નિમિત્ત માત્ર બનાવ્યા છે, પરસ્પર સહયોગ અને સહકારથી જ સંસ્કૃતનો સર્વાંગી વિકાસ કરી શકાય. સંસ્કૃત ક્ષેત્રમાં જોડાયેલા? તમામ શિક્ષકો, પ્રાધ્યાપકોનું સંરક્ષણ અને ભારતીય જ્ઞાન પરંપરાના મૂળ સંવાહક સંસ્કૃત પાઠશાળાઓનું સંવર્ધન વિષયો પર વિશેષ ધ્યાન આપવાનું ધ્યેય રહેશે.સમગ્ર કાર્યક્રમ 'ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ' ગાંધીનગર ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં પૂર્વ સનદી અધિકારી સંસ્કૃત અનુરાગી કે જી વણજારા, શ્રી વલ્લભભાઈ રામાણી, પ્રા. ગૌતમભાઈ પટેલ, ડૉ. કૃષ્ણપ્રસાદ નિરૌલા, ડૉ. અવનીબા મોરી, પ્રા. જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ, ગુજરાત રાજ્ય કોલેજ આચાર્ય મંડળના પ્રમુખ ડૉ. જયવંતસિંહ સરવૈયા તેમજ બંને પ્રાંતના સંસ્કૃત કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી અભિનંદન પાઠવી નવનિયુક્ત પદાધિકારીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# દેશમાં સ્ટાર્ટઅપ પોલિસીનું સફળ અમલીકરણ કરનાર પ્રથમ રાજ્ય ગુજરાત



દેશમાં વર્ષ ૨૦૧૬માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન ક્ષેત્રે પ્રોત્સાહન મળે તે માટે "સ્ટાર્ટઅપ ઈન્ડિયા"ની પહેલ કરી હતી. પ્રતિભાશાળી કાર્યબળ, ઉદ્યોગસાહસિક, નવીનતાની ભાવના સાથેના ડિજિટલ પરિવર્તને ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બનાવી છે. સ્ટાર્ટઅપ એ તકનીકી પ્રગતિ, રોજગાર સર્જન અને આર્થિક સશક્તિકરણ થકી આત્મનિર્ભરતા હાંસલ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. દેશમાં તા. ૮ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ-ડ્રૈ દ્વારા ૧.૫૦ લાખથી વધારે સ્ટાર્ટઅપ્સને માન્યતા આપવામાં આવી છે, જેમાં ગુજરાતમાં ૧૨,૭૭૯ જેટલા સ્ટાર્ટઅપ્સ નોંધાયા છે. ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં ૩૩ ગણા વધારા સાથે સ્ટાર્ટઅપ્સની સંખ્યા ૪,૨૦૦થી વધીને ૧,૫૪,૭૧૯ જેટલી થઈ છે. આ ઉપરાંત ભારત કુલ ૧૧૮ યુનિકોર્ન થકી સ્ટાર્ટઅપનું હબ બન્યું છે. વધુમાં સ્ટાર્ટઅપ માટેનું ભંડોળ રૂ. ૪૫૦ બિલિયન ડોલરથી વધુનું થયું છે તથા સહાયક સ્ટાર્ટઅપ નીતિઓ ધરાવતા રાજ્યોની કુલ સંખ્યા ૩૧ જેટલી થઈ છે.

સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અંતર્ગત ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ગુજરાતના ૧૨,૫૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા મળી હતી. હાલમાં અમદાવાદમાં ૫,૨૬૯, સુરતમાં ૧,૯૦૩, વડોદરામાં ૧,૩૪૪, રાજકોટમાં ૧,૧૭૨, ગાંધીનગરમાં ૬૦૧ જેટલા સ્ટાર્ટઅપ્સ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં હેલ્થકેર અને લાઈફસાયન્સમાં ૧,૩૪૩, આઈટી સેવાઓમાં ૧,૧૮૬ તથા કૃષિમાં ૮૧૯ જેવા ટોચના ક્ષેત્રોનો સમાવેશ થાય છે. ગુજરાત સરકાર દ્વારા "ગુજરાત યંગ આંત્રપ્રિન્યોર્સ વેન્ચર ફંડ" સેટઅપ કરવામાં આવ્યું છે, જેમાં રાજ્ય સરકારે અત્યાર સુધીમાં અંદાજે રૂ. ૩૫૦ કરોડનો ફાળો આપ્યો છે. દેશના છેવાડાના વિસ્તાર સુધી ઉદ્યોગ સાહસિકો સ્ટાર્ટઅપ થકી આત્મનિર્ભર બને અને મોટા પ્રમાણમાં રોજગારનું સર્જન થાય તે માટે દર વર્ષે તા. ૧૬ જાન્યુઆરીના રોજ "રાષ્ટ્રીય સ્ટાર્ટ અપ દિવસ" ઉજવવામાં આવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતના નેતૃત્વમાં ગુજરાત પણ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં મહત્વનો ફાળો આપતું રાજ્ય બન્યું છે. જે અંતર્ગત રાજ્યની નોડલ સંસ્થાઓ, ઈન્ક્યુબેટર્સ, એક્સિલરેટર્સ, માર્ગદર્શકો, રોકાણકારો, સરકારી સંસ્થાઓ અને અન્ય સ્ટેકહોલ્ડરો દ્વારા રાજ્યના ઉદ્યોગસાહસિકોને વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

## મધ્યપ્રદેશના માંડવગઢમાં આઈજાનું રાષ્ટ્રીય અધિવેશન.

# જૈનોમાં શિથિલતા દૂર કરો, સાધર્મિક ભાઈઓને મજબૂત કરો: હાર્દિક હુંડિયા

મધ્યપ્રદેશના ધાર્મિક , ઐતિહાસિક શહેર માંડવ તીર્થ ખાતે આયોજિત ઓલ ઇંડિયા જૈન જર્નલિસ્ટ એસોશિયેશન રાષ્ટ્રીય સંમેલનમાં, આઈજા ના રાષ્ટ્રીય અધ્યક્ષ હાર્દિક હુંડિયાએ સાધર્મિક ભાઈઓને કેવી રીતે મજબૂત બનાવવા તેના પર ભાર મૂકતા કહ્યું કે જો આપણે સંગઠિત રહીશું, તો આપણે સક્ષમ બનીશું , સરકારી વહીવટીતંત્ર સમક્ષ અમારો મુદ્દો મજબૂતીથી રજૂ કરવા. . અને આપણા પ્રદેશ પ્રમુખ પ્રદીપ બાફના અને રાજ્ય મહામંત્રી દીપક દુગ્ગડે ૫૦૦ જૈન પત્રકારો સાથે જોડાઈને તેને અર્થપૂર્ણ બનાવ્યું. એવો અંદાજ છે કે માંડવા તીર્થમાં લાખો જૈન ઘરો હતા, આજે ફક્ત ૮-૧૦ ઘરો છે. પહેલા એવું કહેવાતું હતું કે જે પણ ભાઈ અહીં ધંધો કરવા આવતા હતા તેને માંડવ ના દરેક જૈન ઘરમાંથી એક ઈંટ અને સમાજ તરફથી ચાંદીનો સિક્કો આપવામાં આવતો હતો. જૈન




સાધર્મિક ભાઈનું ઘર ઈંટોથી બની જતું, જ્યારે તેમનો વ્યવસાય ચાંદીના સિક્કાઓથી શરૂ કરવામાં આવતો. હાર્દિક હુંડિયાએ કહ્યું કે જો તમે સમાજના કોઈપણ દુ:ખી ભાઈને મદદ કરવા માંગતા હો તો માંડવગઢમાંથી શીખો કે સાધાર્મિક ભક્તિ કેવી રીતે કરવામાં આવે છે. કાર્યક્રમ ના ખાસ મહેમાન ધારાસભ્ય કાલુ સિંહ ઠાકુરે કહ્યું કે હું તમારી સાથે છું, તમે મારી સાથે છો, સાથે મળીને આપણે સમાજ માટે ઘણું સારું કામ કરીશું. હાર્દિક હુંડિયાએ કહ્યું કે જૈનોમાં જે શિથિલતા પ્રવર્તી રહી છે તેને આપણે સામૂહિક રીતે દૂર કરવી પડશે. ધર્મના નામે ધર્મ હોવો જોઈએ, ધંધો નહીં? દાન દાતા ઓ ટ્રસ્ટને દાન આપે છે, પછી તે પૈસાથી શાળાઓ બનાવવામાં આવે છે જેથી મધ્યમ વર્ગના બાળકો અભ્યાસ કરી શકે, પરંતુ અહીં વિપરીત થાય છે, તેઓ શાળા કોઈને ચલાવવા માટે આપી દે છે અને તેમની ફી એટલી ઊંચી હોય છે કે મધ્યમ વર્ગના બાળકો તેની ફીસ પરવડી શકતી નથી અને બાળક ભણી પણ શકતું નથી? આવા જૈન ટ્રસ્ટોનો શું ઉપયોગ? લોકોએ પૈસા મદદરૂપ લોકોને મદદ કરવા માટે આપ્યા હતા, વ્યવસાય કરવા માટે નહીં? હાર્દિક હુંડિયાએ તમામ પત્રકારોને ધર્મના નામે ધંધો કરનારાઓ લોકોને સમાજ સમક્ષ ખુલ્લા પાડવા જણાવ્યું છે, આ અમારી કલમનો યોગ્ય સદ ઉપયોગ છે, અને જો તેઓ હજુ પણ સાંભળે નહીં, તો તેમની સામે કાનૂની કાર્યવાહી કરો. પાછળ ન રહો. આઈજા ના રાષ્ટ્રીય સંમેલનમાં કર્ણાટક, ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના ૧૭ જિલ્લાઓના જૈન પત્રકારો હાજર રહ્યા હતા. આલ ઈંડિયા જૈન જર્નાલિસ્ટ

એસોશિએસન ત્રીજું રાષ્ટ્રીય સંમેલન પ્રાચીન યાત્રાધામ માંડુમાં જહાજ મહેલ રિસોર્ટ ખાતે યોજાયું હતું. કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ ડૉ. પ્રદીપ બાફનાએ મંચ પરથી કહ્યું કે માંડવા અદ્ભુત છે, અહીં આવીને મન ખુશ થાય છે, આજે ૪૦૦ સદસ્યો ને પાર કરવાનું સ્વપ્ન પૂર્ણ થયું છે અને આઇજા પરિવારમાં મોટી સંખ્યા માં સભ્યોએ ભાગ લીધો છે. ટૂંક સમયમાં અમે મધ્યપ્રદેશમાં ૯૦૦ થી વધુ જૈન પત્રકારોની ટીમ બનાવીને ઇતિહાસ રચીશું. ખાસ મહેમાન પ્રદેશ ધારાસભ્ય કાળુસિંહ ઠાકુરે જણાવ્યું હતું કે, મારા માટે સૌભાગ્યની વાત છે કે મને આવા કાર્યક્રમમાં હાજરી આપવાની તક મળી. તમારી એકતા અને તમે આપેલા આદરને હું હંમેશા યાદ રાખીશ. મહેમાન શિક્ષણવિદ શ્રી અચલ ચૌધરી ઈન્દોરે પણ સંબોધન કર્યું. કાર્યક્રમના સંયોજકો કમલેશ જૈન દાયજી અને સમકિત તાલેરા, અંકિત જૈન થાંડલાએ કાર્યક્રમને સફળ બનાવ્યો અને જૈન સમુદાય માટે પોતાનો અવાજ ઉઠાવ્યો.

સામાજિક કાર્યકરો સંદીપ જૈન, ઓમ જૈન, શાશા જૈન, ડૉ. અખિલ બંસલ વગેરે ખાસ મહેમાનો તરીકે હાજર રહ્યા હતા. આ પ્રસંગે સ્થાનવાસી પોરવાલ જૈન સંઘના સહયોગથી, તમામ પત્રકારોનું મફત ચેકઅપ પણ યોજવામાં આવ્યું હતું અને આઈજાના માસિક મુખપત્ર આઈજા સંદેશ અને દબંગ દેશનું કેલેન્ડર પણ બહાર પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કર્ણાટકના પ્રમુખ ગૌતમ બાગરેચા એ માળા અને પાઘડી પહેરાવી હતી. , ગુજરાત પ્રમુખ આનંદ દોશી અને તેમના સાથીઓએ રાષ્ટ્રીય અધ્યક્ષ હાર્દિક હુંડિયાને શાલ અને સ્મૃતિચિહ્ન આપીને સન્માનિત કર્યા. આઈજા નીમુચના પત્રકાર સાથીઓએ રાષ્ટ્રીય અધ્યક્ષ હાર્દિક હુંડિયાનું સન્માન કર્યું, પ્રદેશ પ્રમુખ ડૉ. પ્રદીપ બાફનાએ મહાસચિવ દીપક દુગ્ગડને અભિનંદન પત્ર અર્પણ કર્યો; વરિષ્ઠ સિરોજના પત્રકાર રાજીવ સેનાનીએ સ્મૃતિચિહ્ન અને ગદા અર્પણ કરી; ભાજપના વરિષ્ઠ નેતા રમેશ ધારીવાલ અને આઈજા ના રાષ્ટ્રીય સલાહકાર પ્રદીપ જૈન સ્ટેજ પર હાજર હતા, ધાર જિલ્લા પ્રમુખ સંદીપ જૈન , કપિલ પરીખ વગેરે હાજર રહ્યા હતા. બીજા સત્રમાં, કમલેશ જૈન દાયજીએ રથ પર હાર્દિક હુંડિયા, ડૉ. પ્રદીપ બાફના અને સામાજિક કાર્યકર સંદીપ જૈનની સુંદર એન્ટ્રી કરાવી હતી , બીજા સત્રમાં, મંચ પરથી મહેમાનો દ્વારા તમામ પદાધિકારીઓને નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન અભય સુરાણા દ્વારા કરવામાં આવ્યું હતું. રાજ્ય મહામંત્રી દીપક દુગ્ગડે આભાર વ્યક્ત કર્યો.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી વડનગરના વિકાસનું વિઝન થઈ રહ્યું છે સાકાર

# કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ ૧૬ જાન્યુઆરીના રોજ વડનગરમાં આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ, પ્રેરણા સંકુલ અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ કરશે






ગુજરાતના પ્રાચીનતમ શહેર વડનગરનો ઈતિહાસ ખૂબ જ ભવ્ય છે. ૨૫૦૦ વર્ષ કરતા વધુ સમયથી સતત ધબકતું રહેલું આ શહેર સાત અલગ અલગ રાજવંશોના શાસન હેઠળ રહ્યું છે. વડનગર મુખ્ય વ્યાપારી માર્ગ પર સ્થિત હોવાને લીધે હિંદુ, બૌદ્ધ, જૈન અને ઈસ્લામ ધર્મોના સંગમનું એક જીવંત કેન્દ્ર હતું. આ શહેર સાંસ્કૃતિક અને ઐતિહાસિક ધરોહરોનો અણમોલ ખજાનો છે. તમામ ઐતિહાસિક ખાસિયતો ધરાવતું હોવા છતાં લોકોથી અજાણ્યું રહેલું વડનગર તે સમયે દેશ અને દુનિયાના નકશા પર ઉભરી આવ્યું, જ્યારે અહીંની ભૂમિમાં જન્મેલા શ્રી નરેન્દ્ર મોદી ભારતના વડાપ્રધાન બન્યા. આ વડનગરના ઐતિહાસિક મહત્વ અને પ્રવાસન સંભાવનાઓને ધ્યાનમાં રાખીને તેની સાથે સંકળાયેલા પ્રોજેક્ટ્સ શરૂ કરવા માં આવ્યા છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર વડનગરના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની જાળવણી અને સંવર્ધન માટે તેમજ આ ઐતિહાસિક નગરમાં પાયાની અને પ્રવાસન સુવિધાઓ વિકસિત કરવા માટે વિશેષ પ્રયાસો કરી રહી છે. વડનગર પર આઈઆઈટી ખડગપુર, આઈઆઈટી ગુવાહાટી, આઈઆઈટી ગાંધીનગર, અને આઈઆઈટી રૂડકી તરફથી વ્યાપક બહુ-વિષયક શોધ શરૂ કરવામાં આવી છે. વડનગરમાં રહેલી પ્રવાસનની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને વડનગરમાં વિવિધ પ્રવાસન આકર્ષણો તેમજ પ્રવાસી સુવિધાઓ વિકસિત કરવામાં આવી છે. શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં બૌદ્ધ સર્કિટનો વિકાસ થઈ રહ્યો છે, જેનો એક હિસ્સો વડનગરમાંથી પસાર થાય છે. ગુજરાતના પુરાતત્વ વિભાગને વડનગરમાં ખોદકામ દરમિયાન બૌદ્ધ મઠના અવશેષો મળ્યા હતા. વડનગર સુધી પ્રવાસીઓ સહેલાઈથી પહોંચી શકે તે માટે વડનગર રેલવે સ્ટેશનનો વિકાસ કરવામાં આવ્યો છે. વડનગરના આશરે ૪૫૦૦ વર્ષ જૂના શર્મિષ્ઠા તળાવનો પણ વિકાસ કરવામાં આવ્યો છે. પ્રવાસીઓ માટે ત્યાં બોટિંગની સુવિધા પણ વિકસિત કરવામાં આવી છે, તેમજ ઓપન એર થિયેટરનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, મલ્હાર રાગ ગાઈને સંગીત સમ્રાટ તાનસેનના દેહના દાહને શાતા આપનાર વડનગરની બે બહેનો તાના અને રીરીની સ્મૃતિમાં દર વર્ષે તાના-રીરી સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવે છે, જેની શરૂઆત પણ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૩માં કરાવી હતી. તાના-રીરી મહોત્સવ આજે વિશ્વ કક્ષાએ પ્રસિદ્ધિ પામ્યો છે, જેમાં દર વર્ષે શાસ્ત્રીય સંગીત સાથે સંકળાયેલા કલાકારોને 'તાના-રીરી' એવોર્ડ પણ આપવામાં આવે છે. આ સાથે જ વડનગર અને તેની આસપાસના વિસ્તારના લોકોને તબીબી સુવિધાઓ અને સારવાર માટે વડનગરમાં અદ્યતન હોસ્પિટલ પણ શરૂ કરવામાં આવી છે.ગુજરાતનું વડનગર શહેર પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. હવે, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ વડનગરને ત્રણ નવા વિકાસકાર્યોની ભેટ આપવા જઈ રહ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.